આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ

**વંચાણે લીધો:** રીજીઓનલ ડાયરેક્ટર, એન.એસ.એસ. ના પત્ર ક્રમાંક: ફા.સં.પ. ૧૬/૧/૨૦૨૪/એન.એસ.એસ./ગુજરાત/૧૨૧૪ થી ૧૩૨૧, તા. ૧૩/૦૬/૨૦૨૪

-:: પરિપત્ર ::-

યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની એક અમૂલ્ય ભેટ છે. તે મન અને શરીર, વિચાર અને ક્રિયા, સંયમ અને પરિપૂર્ણતા, મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સુમેળ, સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સંપૂર્ણ અભિગમની એકતાને મૂર્તિમંત કરે છે. યોગએ આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવી ચેતનાનું સર્જન કરીને સુખાકારીમાં મદદરૂપ થઇ શકે છે.

સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા પ્રતિ વર્ષ ૨૧મી જુનને **'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'** તરીકે ઉજવવાનું જાહેર કરાયેલ છે. વંચાણે લીધેલ પત્રથી આપવામાં આવેલ સૂચના અનુસાર તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ડૉ. એમ.કે. ઝાલા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષશ્રીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવનાર હોઇ તેના ભાગરૂપે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ કેમ્પસના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો, વિધાર્થીઓ, રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો, એન.સી.સી. કેડેટ્સ, ખેતીવાડી મહિલા મંડળના સભ્યશ્રીઓ, યુનિવર્સિટીના સ્ટાફ ક્વાર્ટ્સમાં રહેતા તમામ પરીવારજનોને યોગ શિબિર તેમજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસમાં ભાગ લેવા નિમંત્રણ આપવામાં આવે છે અને જેની વ્યવસ્થા નીચે મુજબની રહેશે.

| સ્થળ | તારીખ | સમય |
|---|---|---|
| યુનિવર્સિટી ભવન,<br>આણંદ કૃષિ યુનિવર્સિટી | તા. ૧૯/૦૬/૨૦૨૪ થી તા. ૨૦/૦૬/૨૦૨૪<br>યોગ શિબિર | **<u>સવારે ૬.૩૦ થી ૭.૩૦</u>** |
| | તા. ૨૧/૦૬/૨૦૨૪<br>આંતરરાષ્ટ્રીય યોગ દિવસ | **<u>સવારે ૬.૩૦ થી ૭.૩૦</u>** |

આણંદ કેન્દ્ર સિવાયની કોલેજ/પોલીટેક્નીક દ્વારા પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી ફોટોગ્રાફ સહિતનો રીપોર્ટ અત્રેની કચેરીને અચૂક મોકલી આપવાનો રહેશે.

**નોંધ: તમામે યોગ માટે યોગા મેટ/પાથરણા સાથે લાવવાના રહેશે.**

નિયામક
વિધાર્થી કલ્યાણ

**જા.નં.આકૃયુ/વિક/યોગા ડે/ ૯૯-૩ /૨૦૨૪**
**તા:૧૫/૦૬/૨૦૨૪**

**નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવ તરફ

૨. કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ
૩. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
૪. આણંદ કેન્દ્રની તમામ કોલેજ/પોલીટેક્નીકના આચાર્ય/ડીનશ્રીઓ અને તમામ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા સર્વે કર્મચારીઓ/વિદ્યાર્થીઓએ સદર કાર્યક્રમમાં અચૂક ભાગ લે તે અંગે અમલ થવા સારૂ.
૫. કાર્યપાલક ઇજનેરશ્રી, આણંદ ઉકત વિગતે ઇલેક્ટ્રીસીટીની વ્યવસ્થા ગોઠવવા સારૂ.
૬. નિયામકશ્રી, પ્રસાર શિક્ષણ ભવન, આકૃયુ, આણંદ તરફ જાણ તથા ફોટોગ્રાફીની વ્યવસ્થા કરવા સારૂ.
૭. આચાર્યશ્રી, કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા આ કાર્યક્રમ માટે સાઉન્ડ સીસ્ટમ તેમજ ગ્રીન નેટની વ્યવસ્થા કરવા સારૂ.
૮. પ્રોગ્રામ ઓફીસરશ્રી, કૃષિ/એફપીટી/એઆઇટી/હોર્ટીકલ્ચર/કૃષિ પોલી./ફૂડ સાયન્સ પોલી., આ.કૃ.યુ., આણંદ તરફ અચૂક હાજર રહેવા તથા આપની કોલેજનાં એન.એસ.એસ. સ્વયંસેવકોને હાજર રાખવા સારૂ.
૯. ચેરમેનશ્રી, વિધાર્થી સંઘ, કૃષિ/એફપીટી/એઆઇટી/હોર્ટીકલ્ચર/આઇ.એ.બી.એમ.આઇ. કોલેજ/કૃષિ પોલી./ફૂડ સાયન્સ પોલી., આ.કૃ.યુ., આણંદ તરફ અચૂક હાજર રહેવા તથા આપની કોલેજનાં વિધાર્થીઓને હાજર રાખવા સારૂ.
૧૦. કેપ્ટન પી.એ. ગોહિલ, એન.સી.સી. ઓફીસર (SD)/ફીઝીકલ ઇન્સ્ટ્રક્ટરશ્રી, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ તરફ અચૂક હાજર રહેવા તથા એન.સી.સી. કેડેટને હાજર રાખવા સારૂ. (મારફતઃ આચાર્ય, બં.અ. કૃષિ મહાવિધાલય, આણંદ)
૧૧. લેફ્ટ. રૂચા દવે, એન.સી.સી. ઓફીસર (SW), બં.અ. કૃષિ મહાવિધાલય તરફ અચૂક હાજર રહેવા તથા આપની કોલેજનાં એન.સી.સી. કેડેટને હાજર રાખવા સારૂ. (મારફતઃ આચાર્ય, બં.અ. કૃષિ મહાવિધાલય, આણંદ)
૧૨. પ્રમુખશ્રી, ખેતીવાડી મહિલા મંડળ, આપના મહિલા મંડળના સર્વે બહેનોને ભાગ લેવા સારૂ.